# ભાટમાં સાસરીયાઓએ જમાઈને ઘરે બોલાવીને બલી ચઢાવી દીધી..?

## યુવાન જમાઈનો હાથ-પગ બાંધેલી હાલતમાં ખાટલા પર મૃતદેહ પડયો હતો અને સાસરીયાઓ ગાયબ હતા : હાથે બ્લેડના ઘા હતા અને શરીરમાંથી ઝેરનું પ્રમાણ મળ્યું

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક ભાટ ગામમાં આજે વહેલી સવારે વિચિત્ર તથા ચકચાર મચાવી દેતો કિસ્સો ધ્યાને આવ્યો હતો. બીજા લગ્ન જે યુવતી સાથે થયા તેના ઘરે એટલે કે સાસરીમાં ગયેલા જમાઈનો ખાટલા પર હાથ-પંગ બાંધેલી હાલતમાં મૃતદેહ મળ્યો હતો. હાથે બ્લેડના ઘા તથા ઝેર પીધું હોવાની દુર્ગંધ સ્થળ પર આવતી હતી તો બીજી તરફ સાસરીયા ફરાર હતાં. અત્યંત રહસ્યમય સંજોગોમાં જમાઈના મળેલા મૃતદેહ બાદ ખિસ્સા તપાસતા તેમાંથી એક ચિઠ્ઠી મળી આવી હતી જેમાં લખ્યું હતું, મારો સાળો, સાસુ, સાઢુએ મને ઘરમાં પુરી દીધો છે અને માતાજીને મારી બલ ચઢાવવાની વાતો કરે છે...! અડાલજ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો નોંધી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ અમદાવાદનાં નરોડા સ્થિત આંબેડકર નગર વિસ્તારમાં રહેતા ૨૭ વર્ષીય મનોજ કાળાભાઈ પરમારના પહેલી પત્નિ સાથેના લગ્ન નિષ્ફળ જતા બે માસ અગાઉ બીજા લગ્ન થયા હતાં. બીજા લગ્ન ગાંધીનગર નજીક ભાટ મધર ડેરી સામેના વિસ્તારમાં થયા હતા. ગઈ કાલે મનોજ પોતાની સાસરીએ ગયો હતો અને આજે સવારે જમાઈ મનોજનો સાસરીમાં મકાનના ઓરડા પર ખાટલામાંથી હાથ પગ નાડાછડીથી બાંધેલી હાલતમાં રહસ્યમય રીતે મૃતદેહ મળી આવતા



ચકચાર મચી જવા પામી છે. તેના હાથ પગ સામાન્ય બાંધેલા હતા અને હાથે ચાર થી પાંચ બ્લેડના ઘા પણ મારેલી હાલતમાં હતાં તે ઉપરાંત ઝેરી દવા પણ ગટગટાવેલી હાલતમાં હતી. આ તમામ બાબતો આપઘાત કરવા માટે એક સાથે થાય તે વાત ગળે ઉતરે તેમ નથી. તો શંકા ઉપજાવતી બાબત એ છે કે હાથ-પગ બાંધ્યા કોણે? દવા પીવી અને બ્લેડ મારવી બંને પ્રયત્નો કરવાનું કારણ શું? સાસરીયા સવારથી કેમ ગાયબ છે? આ બાબતોએ પોલીસને શંકા ઉપજાવી છે. તે અરસામાં અડાલજ પોલીસે મૃતક જમાઈના ખિસ્સામાં હાથ નાંખ્યો તો એક ચિઠ્ઠી પણ મળી જેમાં સાસરીયાઓના સંબંધો ઉલ્લેખીને લખ્યું હતું કે મારા સાળા, સાસુ, સાઢુએ મને ઘરમાં પુરી દીધો છે અને માતાજીને મારી બલી ચઢાવવાની કાંઈક વાત કરે છે. આટલા શબ્દો લખીને ચિઠ્ઠી નીચે તેનું નામ લખેલું છે. આ ચિઠ્ઠી પોલીસે જપ્ત કરી સમગ્ર રહસ્યમય ઘટના અંગે ઝીણવટભરી તપાસ શરુ કરવામાં આવી છે.જયારે મૃતકના પરિવારજનોએ તાંત્રિક વિધિ કરવા માટે સાસરીયાઓએ મનોજનો જીવ લીધો હોવાનો આક્ષેપ કર્યો છે. મૃતકના પિતા કાળાભાઈનું કહેવું છે કે અમને તો મુકેશની સાસરીમાંથી કંઈ પણ જાણ પણ થઈ નથી પડોશીએ અમને ફોન કર્યો ત્યારે આજે સવારે અમે ભાટમાં આવ્યા અને જોયું તો મુકેશ મોતને ભેટેલો હતો તથા સાસરી પક્ષનો એક પણ સભ્ય હાજર ન હતો.

# ગાંધીનગરમાં આજે નિવૃત્તિ દિવસ ઉજવાયો

## સરકારી કાર્યાલયોમાંથી કુલ ૧૯૦ કર્મચારીઓ નિવૃત્ત થયા : અગાઉના સમયમાં શાળા પ્રવેશમાં જન્મ તારીખ ૧લી જૂન લખાવી દેવાતી હતી જેથી ૩૦મી જૂને નિવૃત્ત થનારાની સંખ્યા વધુ રહે છે : ૨૦૧૬માં ૩૦મી જૂને સચિવાલયમાંથી ૧૬૦૦ જેટલા કર્મચારીઓ નિવૃત્ત થનાર છે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરની સરકારી



ઓફિસોમાં આજે જાણે 'નિવૃત્તિ દિવસ' ઉજવાઈ રહ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. આજે સરકારના વિવિધ વિભાગોના કાર્યાલયોમાંથી કુલ ૧૯૦ કર્મચારીઓએ નિવૃત્તી લીધી હતી.

આજે ગાંધીનગરના પોલીસખાતામાંથી ૨૮ કર્મચારીઓ જેમાં ૧ પીઆઈ, ૪ પીએસઆઈ, ૨ વાયરલેસ પીએસઆઈ અને ૨૧ અન્ય પોલીસ કર્મીઓ નિવૃત્ત થયા હતા. જિલ્લા પંચાયતમાંથી પણ ૧૯ કર્મચારીઓ નિવૃત્ત થયાં હતા. જેમાં ૩ નાયબ ચિટનીશ, ૩ સિનિયર ક્લાર્ક, ૧ નાયબ હિસાબનીશ, ૯ તલાટીઓ, ૧ ગ્રામસેવક, ૧ સેવક, ૧ ફિમેલ હેલ્થ વર્કરનો સમાવેશ થાય છે. કલેક્ટર ઓફિસમાંથી પણ ૧૨ કર્મચારીઓએ આજે નિવૃત્તી લીધી હતી. જેમાં ૪ નાયબ મામલતદાર અને ૧ ક્લાર્કનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નિયામક કચેરી ખાતેથી ૪, ફાયર બ્રિગેડમાંથી ૧ ડ્રાઈવર અને સચિવાલયની ઘણી બધી ઓફિસોમાંથી અનેક કર્મચારીઓએ નિવૃત્તી મેળવી હતી. તમામ કર્મચારીઓને તેમના કાર્યાલયમાંથી નાના-મોટા શુભેચ્છા સમારંભ દ્વારા શુભેચ્છા પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ આપવામાં આવી હતી. તેમજ સ્વસ્થ દીર્ઘાયુશ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આજે ૩૦મી જૂન હોવાથી નિવૃત્તિ પામનારા અધિકારીઓ-કર્મચારીઓની સંખ્યા વધુ રહેવા પાછળ અગાઉના સમયમાં શાળામાં પ્રવેશ માટે જન્મ તારીખ ૧લી જૂન લખાવી દેવાની પ્રથા હતી તે જવાબદાર હોવાનું તારણ મનાય છે. અગાઉના સમયમાં જ્યારે જન્મ તારીખના પુરાવાની જરૂર નહોતી રહેતી ત્યારે ઘણા મા-બાપ શાળામાં



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

પ્રવેશ મેળવવા તેમના બાળકની જન્મતારીખ ૧લી જૂન અથવા જૂન મહિનાની કોઈપણ તારીખ લખાવી દેતા હતા. જેના કારણે જૂન જુલાઈ માસમાં અત્યારે કર્મચારીઓ નિવૃત્ત થવાની સંખ્યા વધુ રહે છે. એક અંદાજ મુજબ આગામી વર્ષે ૩૦મી જૂને સચિવાલયમાંથી આશરે ૧૬૦૦ કર્મચારીઓ એક સાથે નિવૃત્ત થનાર છે.

## પંચાયત કર્મચારી મંડળના અગ્રણી રસિક પટેલ નિવૃત્ત

ગાંધીનગર, તા. ૩૦

પંચાયત કર્મચારી મંડળના અગ્રણી અને ગાંધીનગર જિલ્લા



પંચાયતના કર્મચારી શ્રી રસિકભાઈ આઈ. પટેલ આજે વયમર્યાદાને લઈ સેવાનિવૃત્ત થતાં તેમને ભાવભીની વિદાય કર્મચારીઓએ આપી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત વર્ગ-૩ કર્મચારી મંડળના પ્રમુખ તેમજ ગુજરાત રાજ્ય પંચાય સેવા કર્મચારી મંડળના મહામંત્રી તરીકે એક દસકાથી પણ વધુ સમય સુધી સેવા આપનાર શ્રી રસિકભાઈ પટેલે તેમના મિલનસાર તેમજ સાલસ સ્વભાવને લઈ એક આગવી ઓળખ ઉભી કરી હતી. આજે તેઓ વયમર્યાદાને લઈ નિવૃત્ત થતાં કર્મચારીઓએ તેમને ભાવભરી વિદાય આપી નિવૃત્ત જીવન સતત પ્રવૃત્તમય અને દીર્ઘાયુ બની રહે તેવી લાગણી વ્યક્ત કરી હતી.



કલોલ તાલુકાના નારદીપુર ખાતે રાધેકૃષ્ણ મંદિરમાં વિવેકાનંદ બાપુની નિશ્રામાં પિનાકીન જાની દ્વારા વિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું હતું.જેનો ધાર્મિક લાભ લેવા ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. (તસવીર : દિપક જાની)



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

## સે-૨૧ શોપિંગમાં ખુલ્લા વાયરોનું જોખમ

નગરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત શહેરના મુખ્ય શોપીંગ સેન્ટરમાં આમ તો દુવિધાઓનું દંગલ છે. બંધ ફુવારા, પાર્કિંગ સેન્સનો અભાવ અને ગંદકીની સમસ્યા શોપિંગ વિસ્તારને ભરખી ગઈ છે. આવા સંજોગોમાં રોજ બરોજ આવતા સેંકડો મુલાકાતીઓની સલામતી સામે પણ પ્રશ્ન મંડરાયો છે. શોપિંગન વોક વે પર ગાબડા જોવા મળી રહ્યા છે. એટલું જ નહિ પરંતુ વોક વેના તુટેલા બ્લોકમાંથી નિકળેલા ખુલ્લા વીજ વાયરો પણ ગમે ત્યારે અકસ્માત સર્જે તેવી દહેશત છે. શોપિંગ સ્થિત પોસ્ટ ઓફિસ ખાતે આ ખુલ્લા વીજ વાયરો જોખમી ભાસી રહ્યા છે.

## સે-૭ યુનાઈટેડ ફીઝીયોથેરાપી કલીનીકને પાંચ વર્ષ પૂર્ણ : રકતદાન કેમ્પ યોજશે

ગાંધીનગર, તા.૩૦

સેકટર-૭માં આવેલ યુનાઈટેડ ફીઝીયોથેરાપી કલીનીકના પાંચ વર્ષપૂર્ણ થતા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. રકતદાન કેમ્પ ૩ જી જુલાઈ, શુક્રવારે સવારે ૯-૦૦ કલાકથી દિવસ દરમિયાન યોજાશે. યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડૉ. હાર્દિક તલાટીએ જણાવ્યું છે કે ફીઝીયોથેરાપી સેન્ટરે પાંચ વર્ષ દરમિયાન અનેક દર્દીઓને સેવાઓ આપી છે. આર્થિક રીતે અશકત દર્દીઓને વિના મૂલ્યે સેવા આપવામાં આવી છે. ત્યારે કલીનીકને પાંચ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે અનેક દર્દીઓને ઉપયોગી થાય તે હેતુથી રકતદાન કેમ્પનું આયોજન કરાયું છે. જેમાં નગરજનોને રકતદાન કરવા અપીલ કરવામાં આવી છે. રકતદાન કેમ્પ પ્લોટ નં. ૭૮૭/૧, સે-૭-બી, ઘ-રોડ પર ૭/૮ બસ સ્ટેન્ડ પાસે યોજાશે. વધુ વિગતો માટે ડૉ. હાર્દિક તલાટી ૯૯૧૩૬ ૩૦૦૮૫ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

## કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૩૦

સેક્ટર-૨ પેન્શનર્સ સમાજ ગાંધીનગર દ્વારા કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં કાયદાને લગતી માહિતીની આપ-લે કરવામાં આવી હતી. જેમાં સુધીર દેસાઈએ ઉપસ્થિત સર્વેને કાયદાની માહિતી આપી હતી. શિબિરમાં જયરામ સોની, વિમળાબેન, દિનેશભાઈ દવે, નટવરભાઈ પટેલ સહિત સે. ૨ પેન્શનર્સ સમાજના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## કેબલ ચોરીના ગુનામાં વધુ એક શખ્સની ધરપકડ

ગાંધીનગર, તા. ૩૦

સરગાસણ વિસ્તારમાંથી જીટીપીએલ કંપનીના કેબલ વાયરોની તથઆ એમ્પ્લીફાયરની ચોરી થવાની ઘટના ૧૨ જૂને નોંધાવા પામી હતી. આ કેબલ ચોરીની ઘટનામાં અગાઉ બે આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા જ્યારે હજુ નાસતા ફરતા આરોપીઓ પૈકી ભુપેન્દ્ર ઉર્ફે ભોપો ઘનશ્યામભાઈ પટેલ ગાંધીનગર એલસીબીના સકંજામાં આવી ગયો છે. બાતમીને આધારે માણસાના તિરૂપતી સોસાયટીના ગેટ આગળથી પીએસઆઈ એચ.કે. સોલંકી તથા તેમની ટીમે પકડી પાડી તેની પુછપરછ શરૂ કરી છે.

# ગીયોડ ખાતે પુનઃ જાગરણ જનજાગૃતિ અભિયાનનો સમાપન સમારોહ યોજાયો

## રમતગમત-યુવા પ્રવૃત્તિઓના મંત્રી નાનુભાઈ વાનાણી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં : અભિયાન દરમ્યાન ૧૦૦ ગામોમાં સરકારની ફલેગશીપ યોજનાઓની માહિતી પુરી પડાઈ



ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ મંત્રાલય પ્રેરિત નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા આયોજિત 'પુર્નઃજાગરણ કાર્યક્રમ-જન જાગૃતિ અભિયાન'નું આજે સમાપન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર તાલુકાના ગીયોડ ખાતે અંબાજી મંદિરના હોલમાં યોજાયેલ કાર્યક્રમમાં રાજ્યના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી નાનુભાઈ વાનાણી ઉદ્ઘાટક અને અધ્યક્ષ પદે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લાકક્ષાનું યુવા સંમેલન તથા યુવાકૃતિ પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

કાર્યક્રમના ઉદ્ઘાટક-અધ્યક્ષ રમતગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી નાનુભાઈ વાનાણીએ તેમના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે આઝાદી પહેલા ગાંધીજીએ લોકજાગૃતિ આણી હતી પરંતુ આઝાદી પછીના ૬૦ વર્ષના ગાળો નિષ્ક્રિય રહ્યો હતો જેના પરિણામ સ્વરૂપ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાસનધુરા સંભાળતા હવે પુર્નઃ જાગરણ કાર્યક્રમ હાથ ધર્યો છે. આ કાર્યક્રમ થકી દેશના તમામ જિલ્લાના છેવાડાના ગામ સુધી સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવશે. ગરીબી સામે લડવાના હથિયાર સમા શિક્ષણ અને આરોગ્ય માટે લાભકારી સ્વચ્છતા અંગે લોકજાગૃતિ લાવવામાં આવશે. મંત્રીએ શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, ગુણોત્સવ, ઉપરાંત કૃષિ મહોત્સવ, ખેલ મહાકુંભ અને બેટી બચાવો અભિયાન જેવી યોજનાઓ અંગે વિસ્તૃત વાત કરી હતી. આ કાર્યક્રમ અંતર્ગત દેશમાં ૧૦૦ જિલ્લાઓની પસંદગી કરાઈ હતી. જેમાં ગુજરાતના ૭ જિલ્લાઓની પસંદગી કરાઈ હતી. પુર્નજાગરણમાં સરકારની વિવિધ ફલેગશીપ યોજનાઓ સહિત જનજાગૃતિ અંગે એક લાખથી વધુ લોકોને માહિતી આપી હતી.

પુર્નઃજાગૃર કાર્યક્રમમાં જોડાયેલા યુવક યુવતીઓને મંત્રી તેમજ મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્રો અપાયા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલે અને બેટી બચાવો અભિયાનના કોઓર્ડિનેટર રજનીકાંત સુથારે તમામ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. જ્યારે મહેમાનોના પરિચય નેશનલ યુથ બોર્ડના પૂર્વ ઉપાધ્યક્ષ સંજીવભાઈ મહેતાએ આપ્યો હતો. આ કાર્યક્રમમાં દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર, મનપાના ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, જિલ્લા પંચાયતના સદસ્ય મંગીબેન પટેલ, શારદા વિદ્યાપીઠના સંયોજક ડૉ. જમનાદાસભાઈ, ડૉ. કનૈયાલાલ નાયક, નિવૃત્ત આઈએએસ અધિકારી આઈ.એ. વોરા, ગીયોડ અંબાજી મંદિરના ટ્રસ્ટી હસમુખભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન નેહરુ યુવા કેન્દ્રના કશ્યપભાઈ નિમાવતે કર્યું હતું.



## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૯

સૂર્યાસ્ત : ૭.૩૦

### તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૪ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૪ ટકા ● સાંજે ૪૯ ટકા

### મનોરંજન

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૨ :**
એબીસીડી - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**
ઈન્સીડીઉસ (અંગ્રેજી) : ૧.૧૫, ૩.૧૫, ૮.૧૫
એબીસીડી - ૨ (૩ડી) : ૧૧.૦૦, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦ ● તનુ વેડ મનુ ૨ : ૧.૦૦
યુવા : ૪.૦૦, ૧૦.૦૦ ● વેલકમ જિંદગી : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**
એબીસીડી - ૨ : ૧૦.૦૦, ૧.૪૫
હમારી અધુરી કહાની : ૭.૧૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૨ડી : ૪.૪૫, ૧૦.૦૦

**સિનેમેક્સ**

**: સ્ક્રીન-૧ :**
એબીસીડી - ૨ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૧૦.૦૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૬.૪૫

**સ્ક્રીન-૨ :**
બે યાર (ગુજરાતી) : ૮.૦૦
એબીસીડી - ૨ : ૧૦.૪૫, ૨.૦૦, ૭.૩૦
ઈન્સીડીઉસ (અંગ્રેજી) : ૫.૧૫, ૧૦.૪૫

**સ્ક્રીન-૩ :**
ઈન્સીડીઉસ (અંગ્રેજી) : ૯.૧૫, ૧૧.૩૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૧.૪૫, ૧૦.૩૦
એબીસીડી - ૨ : ૪.૩૦ ● હમારી અધુરી કહાની : ૭.૪૫

**સ્ક્રીન-૪ :**
મિસ તનકપુર હાજીર હો (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૧૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૩.૩૫
એબીસીડી - ૨ : ૯.૦૦

### આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક ચિંતનનો વિશેષ યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ચિંતનનો યોગ. વિશેષ કાર્યોમાં યાત્રા પ્રવાસનું આયોજન થશે.

**કન્યા** : ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

**મીન** : મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે.

### ચિરવિદાય

- સ્વ. બિપીનકુમાર રસીકભાઈ ઠાકર (ઉ.વ.૬૫) પ્લોટ નં. ૧૭૩/૨, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. કુબેરજી ગાંડાજી ગોહિલ (ઉ.વ.૫૨) મુ. ઈન્દ્રોડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. મધુબેન મહોતજી સોલંકી (ઉ.વ.૪૮) મુ. આનંદપુરા (ડભોડા) તા.જી.ગાંધીનગર